

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લોનની ભલામણના દબાણે બેન્કો તૂટી ગઈ!*
*ઔદ્યોગિક - સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ખૂટી ગઈ!*
*હવે 'વિમો' જિંદગીનો, બગડી નજર સરકારી -*
*પ્રિમિયમ - પરિશ્રમે છે પંજો કમાણી છૂટી ગઈ ?!*
*(પ્રજાના વિમા પાકી જશે ?!)*

### હાઈકુ

*ચૂંટણી ફંડ*
*બદલે લેણાં માફ*
*એક હાથે ધો...*
*(ને બીજે હાથે લ્યો)*

*વગાડે ડંકો*
*દેશ ને વિદેશમાં*
*'માલ્યા' નાટક*
*(મિલી ભગતના સફળ પ્રયોગો)*

### ચિંતન

**ધર્મો યશો નયો દાક્ષ્યં મનોહારિ સુભાષિતમ્ ।**
**ઈત્યાદિગુણરત્નાનાં સંગ્રહી નાવસીદતિ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ધર્મ, યશ, નીતિ, ડહાપણ અને મનોહર સુભાષિત વગેરે ગુણોરૂપી રત્નોનો સંગ્રહ કરનાર કદી દુ:ખી થતો નથી.

માણસ કર્તવ્યનિષ્ઠ, ધર્મ-અધ્યાત્મમાં શ્રદ્ધા રાખી નીતિપૂર્વક જીવન જીવે અને બુદ્ધિપૂર્વક ન્યાયી અને તટસ્થ રીતે જીવન વ્યવહાર ચલાવે સાથે સાતે સત્સંગ અને સ્વાધ્યાય દ્વારા મન-વિચારને પવિત્ર રાખે એ વ્યક્તિ સુખ-શાંતિપૂર્વક જીવન વ્યતીત કરી શકે છે.

### સુવિચાર

- પ્રેમ એક એવી અવસ્થા છે કે જે તમને તમારા અસ્તિત્વનો અહેસાસ કરાવે છે - **ક્રિષ્ણકાન્ત ઉનડકટ**
- કર્મના સ્વરુપનો વિચાર કરવાથી નમ્રતા આવે છે અને ધર્મનો વિચાર કરવાથી નિર્ભયતા આવે છે - **બોધિ વૃક્ષ**
- કમ્પેરીઝન અને કોમ્પીટીશન છોડીને કોમ્પ્રોમાઈઝ કરનાર શાંતિ પામે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- ઈશારાની ભાષા આવડી જાય તો એકબીજાનું મૌન આપણે સમજવા લાગીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સંશય ખોટો પડે પછી તેનાથી મુક્ત થઈ જવાનું હોય છે, પણ આપણે 'બેગેજ' સાથે લઈને ફરીએ છીએ અને એના બાર નીચે કયારે દબાઈ જઈએ છીએ એનો અણસાર આપણને જ રહેતો નથી - **બી.કે. શિવાની**
- શ્રદ્ધા સાથે જયારે શંકા ભળે છે ત્યારે એ શ્રદ્ધા મટી સંકટ બની જાય છે - **ફુલછાબ**
- આજનું ઔષધ : જીવજંતુ શરીરમાં પ્રવેશ્યું હોય તો ચોખ્ખું ઘી પી ઉપરથી નવશેકું ગરમ પાણી વધુ માત્રામાં પીવાથી ઊલટી થઈને જીવજંતુ બહાર નીકળી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત પાસે એક સાધક આવ્યો, એણે કહ્યું, 'મને સત્યનો થોડોક અંશ આપો.' સંતે કહ્યું, 'સત્યનો થોડોક અંશ શા માટે? પૂર્ણ સત્ય કેમ નહીં ??' સાધકે કહ્યું, 'પૂર્ણ સત્ય હું જીરવી નહીં શકું મારી એવી શ્રદ્ધા નથી.' સંતે કહ્યું, 'અધુરું અને અધકચરું સત્ય બોજારૂપ હોય છે, પૂર્ણ સત્ય નહીં.'

સાધકે પૂછ્યું, 'આ વાત ઉદાહરણ આપી સમજાવો.'

સંતે કહ્યું, 'સામે જે પાણી ભરેલા બે ઘડા લઈ આવો.' તે બે ઘડા તેમણે સાધકના માથા પર મૂક્યા. સાધક માથા પર એ વજન ઉપાડી શક્યો નહીં. બે જ મિનિટમાં તે ઘડા ઉતારી નીચે મૂક્યા.

સંતે કહ્યું, 'હવે મારી સાથે નદીએ આવો !!' ત્યાં જઈ સાધકને પાણીમાં ઊંડી ડૂબકી મારવા કહ્યું અને થોડીક જ વારમાં બહાર આવવાનું કહ્યું, સાધક બહાર આવ્યો એટલે સંતે પૂછ્યું, ડૂબકી મારી તે વખતે તમને પાણીનો ભાર લાગ્યો ? સાધકે કહ્યું, 'જરા પણ નહીં' સંતે કહ્યું, 'તમારા માથા પર બે હાંડા કરતા પચાસ ગણું વજન તમારા માથા પર હતું છતાં તમને તે વજન ન લાગ્યું, આમ જ પૂર્ણ સત્ય હળવું ફુલ જેવું હોય છે.'

સાધકને આ ઉદાહરણમાં જવાબ મળી ગયો.

# યૌન ગુનેગારો માટે લાલબત્તી

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટ દ્વારા દિલ્હીના બહુચર્ચિત ગેંગરેપકાંડના અપરાધીઓની રીટ પીટીશન ફગાવી દેવાઈ છે અને આખી ઘટનાને રેરેસ્ટ ઑપ રૅર તરીકે ગણી ત્રણે અપરાધીઓનો ફાંસીની સજા યથાવત્ રાખવામાં આવી છે. ફાંસીની સજા પામેલ ચોથા અપરાધીએ પીટીશન કરી જ ન હતી અને અન્ય એક અપરાધીએ જેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી. સૌથી મોટો ગુનેગાર જેણે પીડીતા સાથે બે વાર દુષ્કર્મ કરી એના ગુપ્તાંગમાં સળિયો ઘુસાડી દીધો હતો તે સગીર વયના મુદ્દે ફાંસીની સજામાંથી બચી ગયો છે. એટલું જ નહીં, એ ત્રણ વર્ષ બાળસુધારણા ગૃહમાં વિતાવી છૂટી પણ ગયો છે. પીડિતાના મૃત્યુનું કારણ એનાં ગુપ્તાંગમાં ઘુસાડેલ લોખંડના સળિયાનો કારણે આંતરડાં ફાટી જવાથી થયેલ રકતસ્રાવ અને ઈન્ફેકશન હતું. ચારે પુખ્તવયના યૌન ગુનોગારો ફાંસીએ લટકી જશે ત્યારે આ ક્રૂર અપરાધી કોઈ અજામ્યા સ્થળે આરામથી પોતાના સદ્ભાગ્યની ખુશીઓ મનાવતો હશે. પાછળથી કિશોર અપરાધીઓનો પણ સોળ વરસ પૂરાં થઈ ગયેલ હોય તો પુખ્ત ગણીનો જ સજા ફરમાવી એવો થયેલ સુધારો એનો લાગુ પડતો નાથી. અલબત્ત, હજી આ ફાંસીની સજા પામેલ યૌન અપરાધીઓ પાસે રાષ્ટ્રપતિનો દયાની અરજીનો વિકલ્પ બચે છે, પણ એની દયાની અરજીનો વહેલી તકે નકાર થશે અને નિર્ભયાકાંડના તે વખતના 'પુખ્ત' યૌન અપરાધીઓને વહેલી તકે ફાંસીના માંચડે લટકાવી દેવાશે તે નક્કી છે. આથી યૌન અપરાધીઓને ભયજનક સંકેત જરૂર સાંપડશે પરંતુ શું એથી યૌન અપરાધો અટકી જશે ? છ વર્ષ પહેલાંની નિર્ભયા ઘટના પછી આવા બનાવોમાં સતત વધારો જ નોંધાયો છે. તેની નોંધ પણ લેવી જ રહી. સેક્સ એ કુદરતી વૃત્તિ છે અને માનવી કયારે એના આવેગને વશ થઈ જશે તે કળી શકાતું નથી. આવા બનાવો વખતે કામાવેગમાં સપડાયેલા પુરુષની વિવેક શક્તિ નષ્ટ થઈ જતી હોય છે. આપણા નીતિશાસ્ત્રમાં કહ્યું છે એમ કામાતુર બની ગયેલા માનવીને ડર કે લાજ નથી હોતાં. કામાતુરાણાં ન ભયં ન લજ્જા ॥ આથી અપરાધ અટકાવવામાં આવી કડક સજા પણ કેટલી કારગત નીવડશે એ તો પ્રશ્ન જ છે. છતાં, આવા ગુનાથી ગુનેગાર પોતાની અને પરિવારની કાયમી દુર્દશા નોતરે છે. એટલો મેસેજ પણ મહત્ત્વનો તો બની જ રહે છે. સમાજમાં આ મુદ્દે જાગૃતિ ફેલાય, છેક કિશોરવયથી જ આ મુદ્દે લોકશિક્ષણ ઉપલબ્ધ થાય તો લાંબે ગાળે ફરક જરૂર પડશે. એટલો સધિયારો આવકારદાયક છે. સૌથી પહેલાં તો ખુદ સ્ત્રીએ સ્વરક્ષણ માટે સાવધાન રહેવાની જરૂર છે. એ મુદ્દે અદાલતની નુકતેચીની કે બૌદ્ધિકોની શિખામણ કરતાં સ્ત્રીઓની કોઠાસૂઝ અને સમાજનું ચારિત્ર્ય ઘડતર જ વધુ અગત્યનાં બની રહેશે.

# હવે તરુદાદા એકલા નથી રહ્યા...



## નવાં કલેવર

નટવર હેડાઉ

એવું કહેવાય છે કે એકલવાયુ જીવન વ્યક્તિને કોરી ખાય છે. એવી જ વાત તેની સાથે પણ બની હતી. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એક જ વર્ષમાં તેમની પત્નીનું મૃત્યુ થયું. ઘરમાં જેની સાથે બેસીને સુખદુ:ખની અંતરંગ વાતો થઈ શકે તેવું કોઈ રહ્યું નહીં. કેમ કે દીકરો તો ઘણા સમયથી વિદેશમાં હતો. અને હવે તે ત્યાંનો જ થઈ ગયો હતો. દીકરી પણ મુંબઈમાં તેના ઘર સંસારમાં વ્યસ્ત હતી. તેથી તે હવે બિલકુલ એકલા થઈ ગયા. ઘર જાણે ખાવા દોડતું હતું. તેથી તેઓ પોતાનો મોટાભાગનો સમય ઘરના ટેરેસ પર બનાવેલા પોતાના નાના બગીચામાં બેસી વિતાવવા હતા ફૂલછોડ અને વેલાઓ તેમને ખુબ જ ગમતા. મોટાં વૃક્ષના નાના નાના છોડવાઓ તૈયાર કરવાની તેમને મજા આવતી. પક્ષીઓનો કલરવ તેમને બહુ સારો લાગતો.

ધીરે ધીરે વૃક્ષો, છોડવાઓ અને ફૂલો સાથે તેમની આત્મીયતા વધતી ગઈ. તેમાં તે જાત જાતના પ્રયોગ કરતા. તેની સારસંભાળ અને નવા છોડવા ઉછેરવામાં તે હવે ખુબ વ્યસ્ત સહેવા લાગ્યા. હવે બીજું વિચારવાનો તેમને અવકાશ જ નહોતો મળતો. ખિલતી કળીઓ અને લહેરાતી ડાળખીઓમાં તેમને પોતાની તમામ ખુશીઓ દેખાવા લાગી. હવે તે નવા રોપ તૈયાર કરતા અને તેમને મળવા આવેલ પરિચિત ને આપતા. તેમાં પણ ખાસ વાત એ હતી કે જન્મ દિવસ અથવા લગ્નની તીથિ જેવા પ્રસંગોએ ગિફ્ટ તરીકે આપવા માટે નાનાં નાનાં સુંદર રંગીન કુંડાઓમાં છોડ રોપી ને ખૂબ પ્રેમપૂર્વક આપતા. જે મેળવનાર ને પણ ખુશી થતી. હવે તેમણે એક નવું કામ પણ શરૂ કર્યું હતું. કેટલાંક મોટાં અને ઘટાદાર વૃક્ષોની પ્રતિકૃતિ જેવાં બોનસાઈના છોડ કુંડામાં તૈયાર કર્યા હતા. તેનું એક પ્રદર્શન યોજાયું ત્યારે શહેરના ગણમાન્ય લોકો એ તેમના આ કાર્યને બિરદાવ્યું અને સન્માન કર્યું હતું.

તે દરરોજ સાંજના બગીચામાં જતા અને બાળકોને ગીતો ગવડાવતા તેમાં 'તરુનો બહું આભાર...' ગીત મુખ્ય હતું. ગીતો ગાતાં બાળકોએ તો તેમનું નામ તરુદાદા પાડી દીધું હતું. તે બાળકોને વૃદ્ધો અને તેની ઉપયોગીતાની મસ્ત મજાની વાર્તાઓ કહેતા અને પ્રકૃતિ તેમજ પર્યાવરણનું જતન કરવા માટે તેની મહત્તા સમજાવવાની સાથે ઉછેર અને જાળવણીના પાઠ પણ શીખવતા. બાળકો પોતાના ઘરની નજીકમાં છોડ વાવે અને તેનો બરાબર ઉછેર થાય તે માટે છોડને ફરતે રક્ષણ માટેના ટ્રી ગાર્ડ મુકી આપવાની અને તેના પર સાચવવાની જવાબદારી સ્વીકારનાર બાળકનું નામ લખવાની યોજના કરતાં શહેરભરમાં વૃક્ષ અને વનરાજીમાં ખુબ થોડાં સમયમાં ઘણો મોટો વધારો થયો હતો, નાની બાળકીઓ તરુદાદાએ કહેલ વાત માનીને રક્ષાબંધનના દિવસે વૃક્ષોના થડને રાખડીઓ પણ બાંધતી હતી.

તરુદાદાનો વૃક્ષરોપણ અને જાળવણીનો સંદેશ દૂર દૂર સુધી ફેલાવા લાગ્યો હતો. લોકો તેમને તરુદાદાના હુલામણા નામે ઓળખતા હતા.

હવે તે એકલા ન હતા.

# વિદ્રોહી જેનિફર

જેનિફર ડેવીડ આ સરકારી હૉસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે જોડાઈ ત્યારે તો માંડ વીસ વર્ષની હતી. દરેક પેશન્ટ સાથે સૌજન્યપૂર્ણ અને લાગણીભર્યા વ્યવહારના કારણે તે આવી તેવી જ સૌમાં પ્રિય થઈ પડી હતી. પેશન્ટની સેવા સ્વજનની જેમ કરતી. કોઈ પેશન્ટ તોછડાઈ કરે તો પણ પોતાના શાલીન વ્યવહારમાં કોઈ ફરક ન પડે. એના હોઠ ઉપર સદા સ્મિત રમતું હોય. બોલે ત્યારે ફૂલ ખીલે ને સ્મિત કરે તો સુવાસ ફેલાય. તેની કાળી કાળી આંખોમાં જાણે કરુણાનો સાગર છલકતો. તેની વાત કરવાની અજબ ઢબમાં અદશ્ય ખેંચાણ હતું.

જેનિફરની ડ્યુટી ચિલ્ડ્રન વૉર્ડમાં હોય કે જનરલ વૉર્ડમાં, તેને ઓ.પી.ડી.ની ફરજ સોંપી હોય કે ટ્રૉમા વૉર્ડની જવાબદારી હોય, તે પોતાની ફરજમાં સદાય ઉત્સાહથી જોડાઈ જાય. સરકારી કાયમી નોકરીનું રક્ષણ હોય ત્યારે કોઈ કોઈ કર્મચારીઓ ફરજપાલનમાં બેદરકાર અથવા ઉદાસીન હોય એવું બનતું હોય છે. જેનિફર જેવા કર્મચારીઓ જનમાનસમાં ઘર કરી ગયેલી આવી જૂની ઈમેજ બદલી કાઢે.

પિતા ડેવીડે જેનિફરને મા અને બાપ, એમ બેઉનો પ્રેમ આપ્યો હતો. મા તો બાળપણમાં જ જેનિફરે ગુમાવી હતી. પિતા માટે દીકરી ગણો કે દીકરો, જેનિફર એક જ સંતાન. આમ તેનો ઉછેર ભારે લાડકોડથી થયો હતો. નર્સરીથી દસમા ધોરણ સુધી સાથે ભણતા અને પોતાની જ સોસાયટીમાં રહેતા નેલ્સન સાથેની મૈત્રી યુવાનીના ઉંબરે પ્રેમસંબંધમાં ફેરવાઈ ગઈ. એસ.એસ.સી. પછી જેનિફરે નર્સિંગ ડિપ્લૉમા કૉર્સમાં એડમિશન લીધું હતું. નેલ્સનની હરકતો અને શરારતી સ્વભાવને લઈને જેનિફરને તેનો સ્કૂલ ફ્રેન્ડ રાજેશ કહ્યા કરતો કે ''જેનિફર, તું આ બદમાશ નેલ્સનની હરકતો ભલે નજરઅંદાજ કરતી, પણ યાદ રાખજે. એક દિવસ તારે એના કારણે પસ્તાવાનો વારો આવશે.''

રાજેશની વાત સાંભળ્યા કરતી જેનિફર મૌન જ રહેતી. દર રવિવારે ચર્ચમાં મૉર્નિંગ પ્રેયર માટે જેનિફર અને તેના ડેડી સાથે નેલ્સન પણ જોડાઈ જતો. નેલ્સન ધાર્મિક હતો, એવું નહોતું. તે તો માત્ર જેનિફરના કારણે જ ખેંચાઈને આવતો હતો. જેનિફરનો અવાજ મધુર હતો અને તેથી જ ચર્ચના પ્રેયર ગૃપ અને ગાયન ટોળીમાં તેનું ખાસ સ્થાન હતું. જેનિફરના દોરવાયા નેલ્સને પણ કૉરસમાં સાથ આપવાનું શરુ કર્યું હતું. જેનિફરના આકર્ષણને લઈને જ નેલ્સને થુંબા અને ગિટાર પણ શીખી લીધાં હતાં.

ફાધર રેવરન્ડ શાંતિજય ખ્રિસ્તમુક્તિ ખુબ જ પ્રેમાળ અને મિલનસારસ્વભાવના હતા. તેઓ જેનિફર અને નેલ્સન વચ્ચેનાં સ્પંદનો સમજી શકતા હતા. ચાર ભાઈ અને બે બહેન મળીને છ સંતાનનાં મા-બાપ બધા સંતાનો તરફ એકસરખું ધ્યાન આપી શકતા નહોતા. નેલ્સન પ્રત્યે પણ મા-બાપનું વર્તન અલિપ્ત જેવું જ રહેતું હતું.

ફાધરે એક વાર નેલ્સનને કહ્યું હતુ: ''જો દીકરા, હવે તું મોટો થઈ ગયો છું. તું સમજદાર છે. પાનના ગલ્લે ઉભા રહેવું અને સ્મૉકિંગ કરવું એ જીવનનો સાર નથી. તું જેનિફરને ચાહે છે એ હું જાણું છું. તું કોઈ જૉબ શોધી લે અને પગભર થઈ જા. જેનિફરને કાબેલ થવાનો અને તેની સમકક્ષ બનવાનો પ્રયત્ન કર. કાલે ઊઠીને તેની ટ્રેનિંગ પુરી થશે. તેને સારી જૉબ અને સારી સેલરી મળશે ત્યારે તું શું કરીશ?''

ફાધરની એડવાઈઝ નેલ્સનને ગમી નહોતી. તેણે ચર્ચમાં જવાનું બંધ કરી દીધું હતું. એક વાર તો જેનિફર અને તેના ડેડીએ ખુદ તેને સમજાવ્યો હતો: ''નેલ્સન, ફાધરે અમને બધી વાત કરી. તેમણે તારા ભલા માટે જ તને કહ્યું હતું ને? તું કોઈ ઢંગની જૉબ કે બિઝનેસ નહિ કરે તો મેરેજ કેવી રીતે કરી શકીશ? અને મેરેજ પછી જેનિફરને ક્યાં રાખીશ?''

> **કૉર્ટના આદેશ અનુસાર હવે તેણે પત્ની જેનિફર અને દીકરા યૉહાનને દર મહિને મેન્ટેનન્સની રકમ ડાયરેકટ બેન્ક એકાઉન્ટમાં ડિપોઝીટ કરાવવી પડતી હતી. જો તે મેન્ટેનન્સ ન ચુકવે તો જેલમાં જવાની તૈયારી રાખવાની હતી. જેનિફરના ચહેરા ઉપર તેજ અને તાજગી પાછાં આવ્યાં હતાં.**

બેકાર અને બેફિકર નેલ્સનને ચૉટ વાગી હતી. જેનિફરને શહેરની સરકારી હૉસ્પિટલમાં સ્ટાફ નર્સની જૉબ મળી ગઈ હતી. ડેવીડ ક્રિસ્ટી સરકારી જૉબમાંથી રિટાયર્ડ થયા હતા અને પૅન્શન શરુ થયું હતું. બારમા ધોરણ સુધી ભણેલા નેલ્સને પબ્લિક ટ્રાન્સપૉર્ટ બસ સર્વિસમાં કૉન્ટ્રાક્ટ-બેઝ ડ્રાઈવરની હંગામી જૉબ શરુ કરી હતી. હવે જેનિફરે નેલ્સન સાથે લવ-મેરેજ કરી લીધાં હતાં. નેલ્સને એક ક્રિશ્ચિયન સોસાયટીમાં મકાન ભાડે રાખ્યું હતું. મેરેજ લાઈફ શરુ થઈ હતી. મકાન ભાડે લેતા પહેલા તો નેલ્સનની જીદ સસરાના ઘરમાં ઘરજમાઈ તરીકે રહેવાની જ હતી. જેનિફર આ વાતની વિરોધી હતી.

જેનિફર મક્કમ હતી. તેણે કહ્યું હતું કે ''જો, નેલ્સન. હું આ બાબતમાં ફર્મ છું અને સ્ટ્રૉંગ પણ છું. તારે સ્વમાનભેર જીવતા શીખવું પડશે અને મફતિયા ઍટિટ્યુડ છોડવો પડશે.''

બસ, અહીંથી જ પતિ-પત્ની વચ્ચે અહમ્ ટકરાવવાની શરુઆત થઈ હતી. જેનિફરની કદાચ અહીં જ ભૂલ થઈ હતી. તેણે કોઈ વાલી-વડીલને વચ્ચે રાખ્યા નહોતા. હવે એકલા રહેવાનું બન્યું હતું. નેલ્સનને કહેવાવાળું કે ટોકવાવાળું કોઈ નહોતું. રોક-ટોક વિનાની લાઈફ તેને તો ફાવી ગઈ હતી. હંગામી કૉન્ટ્રાક્ટ જૉબમાં તે અવારનવાર રજાઓ પાડતો અને ઘરે જ આરામ ફરમાવતો. જેટલા દિવસ રજા હોય તેટલા દિવસની સેલરી તેને મળતી નહિ.



## ગુલમહોર

દિનેશ દેસાઈ

જેનિફરનો ડ્યુટી-ટાઈમ સર્ક્યુલેટેડ હતો. શિફ્ટ ડ્યુટી હોવાથી રૉટેશનમાં મૉર્નિંગ શિફ્ટ, ડે શિફ્ટ અથવા નાઈટ શિફ્ટ પણ આવતી. વાઈફની ગેરહાજરીમાં નેલ્સનને લહેર પડી જતી. તે મિત્રો સાથે દારુની મહેફિલ જમાવતો. પાનાં-પત્તાંનો જુગાર પણ રમવા લાગ્યો હતો. શરાબની બદબૂ ઘરમાં ઘુસી ગઈ હતી. એ ગંદકી ઘરમાંથી કાઢવી જેનિફરના હાથની વાત નહોતી. તે પ્રેગનન્ટ હતી અને છેલ્લા દિવસો જતા હતા ત્યારે પતિએ તેને પટ્ટાથી ઝૂડી નાખી હતી. ગુલાબની પાંખડીઓ છુટી પડી ગઈ હતી.

હતા તો લવ-મેરેજ પણ મેરેજ પછી લવ ક્યાંય હવામાં ઓગળી ગયો હતો યાને હવામાં ઓગળી ગયો હતો. જેનિફરના નસીબમાં તો મેરેજ પહેલા પણ નેલ્સનની તોફાની હરકતો લખાયેલી જ હતી. તેને મનમાં એમ હતું કે સમય જતા તે સુધરી જશે. હકીકતમાં સમય જતા નેલ્સન વધુને વધુ બગડી ગયો હતો. પતિ જેનિફરને રૂપિયા કમાવવાનું સાધન માનવા લાગ્યો હતો. પત્નીને તે ગુલામડીની જેમ રાખતો હતો. જેનિફર પણ પોતાના પ્રેમના ઉચ્ચ મૂલ્યો અને સંસ્કારને લઈને પતિનો બધો ત્રાસ ચુપચાપ સહી લેતી હતી.

એક વાર તો નેલ્સને હદ વટાવી દીધી હતી. પત્નીને માર મારીને દેશી દારુના અડ્ડા ઉપરથી પોતાના માટે દારુની કોથળી લઈ આવવા માટે મોકલી હતી. એક વાત તાબે થયેલી જેનિફર માટે હવે તો આ કામ રોજનું થઈ ગયું. તેણે જ દરરોજ પતિને પીવા માટે દેશી દારુની કોથળી લાવી આપવી પડતી. તેણે દીકરાને જન્મ આપ્યો હતો. દીકરાનું નામ જેનિફરે યૉહાન પાડ્યું હતું. જો કે દીકરાના જન્મ પછી પણ પતિમાં કોઈ સુધાર જોવા મળ્યો નહોતો. તે એવોને એવો જ બેફિકર હતો.

દીકરાનો ઉછેર, ઘરનું કામકાજ, નોકરીની જવાબદારી અને ઉપરથી દારુડિયા પતિનો ત્રાસ. જેનિફર હવે કંટાળીને નાનકડા યૉહાનને લઈને ડેડી પાસે રહેવા આવી ગઈ હતી. નેલ્સન તો સસરાની સોસાયટીમાં પણ પહોંચીને અવારનવાર હંગામો મચાવતો હતો. પત્ની અને સસરાની આબરુ કાઢવામાં તેણે કંઈ બાકી રાખ્યું નહોતું. એક દસકાની જૉબ પછી હવે જેનિફર નામનું ફૂલ કરમાઈ ગયું હતું. નોકરીના પહેલા દિવસે જે જેનિફર હતી, એવી હવે તે દેખાતી નહોતી. આંખો નીચે કાળાં કુંડાળાં પડી ગયાં હતાં. રૂપને પણ ઉઝરડા પડ્યા હતા. મેન્ટલ સ્ટ્રેસના કારણે હેર-ફૉલિંગની અસર પણ તેની કેશ-રાશિ ઉપર જોઈ શકાતી હતી. શરીર પણ નંખાઈ ગયું હતું.

અન્યત્રથી ટ્રાન્સફર સાથે નવા પૉસ્ટિંગ પામેલા ડૉ. રાજેશની નજર અચાનક સ્ટાફ નર્સ જેનિફર ઉપર પડી. તે મનોમન વિચારી રહ્યો: ''આ એ જ જેનિફર છે?'' રાજેશે ખરાઈ કરી તો ખબર પડી કે તે ખરેખર જેનિફર જ હતી, જે પોતાની સાથે સ્કૂલમાં સાથે ભણતી હતી. તેણે વૉર્ડ-બૉયને કહીને જેનિફરને બોલાવી. જેનિફર તો રાજેશના બદલાયેલા રૂપ-રંગ જોઈને અવાચક થઈ ગઈ.

''અરે, રાજેશ તું? સૉરી, આઈ મીન... ડૉ. રાજેશ... તમે અહીં? હું માની શકતી નથી કે મારો ક્લાસમેટ આજે મને આ રૂપમાં પાછો મળી આવશે.'' જેનિફરના ચહેરા ઉપર જાણે અચાનક રોનક આવી ગઈ હતી.

ડૉ. રાજેશે કહ્યુ: ''હું તને જોઈને બધી વાત પામી ગયો છું. મેં તને સ્કૂલ લાઈફમાં જ કહેલું, જો તને કદાચ યાદ હોય તો... બદમાશ નેલ્સનના કારણે એક વાર તારે પસ્તાવાનો વારો આવશે. દુ:ખ એ વાતનું છે કે હું સાચો પડ્યો છું.''

ડૉ. રાજેશના સંપર્ક અને સંસર્ગથી જેનિફરમાં જાણે કે નવી ચેતનાનો સંચાર થયો હતો. જેમ કોઈ કરમાયેલા, વિલાયેલા ફૂલ-છોડને ખાતર-પાણી મળે અને તે ફરીથી મ્હોરી ઊઠે, એમ. ડૉ. રાજેશે હવે જેનિફરને પ્રોત્સાહનનું ઈંધણ આપવા માંડ્યું હતું. ડૉ. રાજેશની વર્ષો પછીની મુલાકાત બાદ હવે જેનિફરમાં ફેરફાર આવવા લાગ્યા હતા.

અનુસંધાન પાના નં ૭ પર

# સંબંધોને સંકોરી લઈને શેષ જીવન વ્યતિત કરવાની મથામણ અને મનોવેદના

મહાભારત જેવા મહાકાવ્યના રચયિતા વેદવ્યાસજીએ મહાભારતમાં કેટલાયે મહાન પાત્રોનું સર્જન કર્યું છે. તેમાનું એક અગત્યનું પાત્ર એટલે વિદુરનું પાત્ર. વિદૂરજી ધૃતરાષ્ટ્ર અને પાંડુના નાના ભાઈ હતા. ત્રણેયના પિતા એક પણ માતા જૂદી હતી. વિદૂરજી જ્ઞાન અને ધર્મનો અવતાર ગણાતા હતા. મહાભારત યૂગના વેદવ્યાસજી પછી સૌથી વધારે જ્ઞાની અને ઉદાત મહાપુરુષ જો કોઈ હોય તો તે વિદૂરજી હતા. વિદૂરજીને કૌરવો સાથે સંબંધો હતા એવા જ ઉદાત અને ગાઢ સંબંધો પાંડવો અને શ્રીકૃષ્ણ સાથે પણ હતા. વિદૂરજી સૌ સાથે સંબંધો નિભાવતા અને સૌને વિદૂરજી સાથે સંબંધો રાખવાનું ગમતું. વિદૂરજીના શબ્દકોશમાં દુશ્મન જેવો શબ્દ ન હતો. વિદૂરજી સૌને વહાલા હતા. વિદૂરજીએ પાંડવો અને કૌરવો એક તાંતણે બાંધી રાખવા માટે જીવનભર પુરુષાર્થ કર્યો હતો. મહાભારત ગ્રંથના ઉદ્યોગપર્વમાં 'વિદુર નિતી' તરીકે જાણીતા વિદૂરજીના નિતીસૂત્રો અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. આવા એક બુધ્ધિમાન, નિતિજ્ઞ, વિદ્વાન, સદાચારી, સત્યવાદી અને સંબંધોના માનવી એવા વિદૂરજી પોતાનો વાનપ્રસ્થાશ્રમ પસાર કરવા માટે ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતી સાથે શતયૂપના આશ્રમમાં જતાં રહ્યા હતા.

શતયૂપ આશ્રમમાં રહીને પણ ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીએ આશ્રમવાસીઓ સાથે સંબંધો રાખ્યા હતા અને પોતાના દુન્યવી સંબંધો પણ સાચવ્યા હતા. તેઓ પ્રસંગોપાત પોતાના કુટુંબીજનો સાથે પણ આશ્રમમાં સમય વિતાવતા હતા. તેની વિરુધ્ધ વિદૂરજીએ તદન એકલવાયું અને અલિપ્ત જીવન જીવવાનું પસંદ કર્યું હતું. પોતાના અલિપ્ત જીવન દરમિયાન વિદૂરજીએ પોતાના શરીરની પણ ખેવના કરી ના હતી અને દિગંબર અવસ્થામાં પોતાનું શેષ જીવન વિતાવતા હતા. શતયૂપ આશ્રમમાં પોતાની સાથે ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી અને આશ્રમવાસીઓ હોવા છતા તેમણે પોતાની જાતને એ બધા લોકોથી અને બધા જ પ્રકારના દુન્યવી સંબંધોથી અલિપ્ત કરી દીધી હતી. વિદૂરજીએ પોતાની એ અવસ્થા પોતાના અંતકાળ સુધી જાળવી રાખી હતી.

જીવનભર અતિ વ્યસ્તતામાં જીવતી વ્યક્તિ, જીવનભર અનેક સંબંધો વિકસાવવા અને નિભાવવા માટે પ્રયત્નશીલ વ્યક્તિ, પોતાના સ્નેહીઓ, સંબંધીઓ, કુટુંબીજનો અને મિત્રોને એકતાંતણે બાંધી રાખવા માટે જીવનભર ઝઝૂમતી વ્યક્તિ, સંબંધોની ભૂખી વ્યકિત, પોતાના જીવનની કોઈ એક ક્ષણે એકાંતમાં રહેવાનો અને પોતાના તમામ દુન્યવી સંબંધોથી અલિપ્ત થઈને શેષ જીવન વિતાવવાનો નિર્ણય શા માટે કરી લેતી હશે? પોતાના આપ્તજનો, પ્રિયજનો, કુટુંબીજનો, સગા-સંબંધીઓ, મિત્રો અને સમાજથી અલિપ્ત થઈને એકલવાયું જીવન વિતાવવાના નિર્ણય પાછળ ક્યાં પ્રકારની મજબૂરી હશે? ક્યાં પ્રકારના સંજોગો વ્યક્તિને આ પ્રકારના આકરા નિર્ણય માટે વિવશ કરતાં હશે? વ્યક્તિના આ પ્રકારના નિર્ણય પછી શેષ જીવનમાં વ્યક્તિને આનંદ, ખુશી અને સંતોષ મળતાં હશે કે માત્ર વેદના અને વ્યથા જ?

આ પ્રકારના પ્રશ્નોનાં ઉત્તર મેળવવા ખૂબ જ મુશ્કેલ હોય છે કારણ કે જ્યાં સુધી આપણે આ પ્રકારની અલિપ્તતાનો સ્વાનુભવ ના કરીએ, આ પ્રકારની અવસ્થા ના ભોગવીએ ત્યાં સુધી આ પ્રકારના પ્રશ્નો અનુત્તર જ રહેતા હોય છે. આમ છતાં એક હકીકત છે કે માત્ર વિદૂરજી જ નહીં, માત્ર મહાભારત કાળમાં જ નહીં, સાંપ્રત સમયમાં પણ લાખો વ્યક્તિઓ આ પ્રકારનું અલિપ્ત જીવન જીવતી હોય છે અને પોતાના અંતકાળ સુધી એ અવસ્થા ભોગવતી હોય છે અને શેષ જીવન દરમિયાન તેઓ ક્યાં તો આનંદ, ખુશી અને સંતોષ માણતા ઓય છે અથવા તો વેદના અને વ્યથા ભોગવતા હોય છે.



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

જીવનના પાછલા વર્ષોમાં પોતાની વ્યસ્તતા, પોતાના આપ્તજનો, પોતાની નોકરી કે વ્યવસાય, પોતાની સુખ-સહયાબી, પોતાના સામાજિક હોદ્દાઓ, પોતાની લોકચાહના, પોતાનો મોભો અને પોતાના અનેક સંબંધોને એક જ પળમાં છોડી દઈને કાચબાની જેમ પોતાની જાતને સંકોરી લઈને એકાકી કે અલિપ્ત જીવન જીવવું અને જીવન પર્યંત એ જ અવસ્થામાં વ્યતીત કરવું એ ભીષ્મની જેમ બાણશયા ઉપર જીવન વિતાવવા જેટલું જ કઠિન હોય છે. આમ છતાં વિદૂરજીની જેમ લોકો અલિપ્તતામાં શેષ જીવન વ્યતીત કરતાં જ હોય છે.

પોતાના સંબંધો સંકોરી લઈને સમાજથી અલિપ્ત થઈને શેષ જીવન વ્યતીત કરેવાનો વ્યક્તિ જ્યારે નિર્ણય કરે ચ્હે તે પહેલાની તેની મન:સ્થિતિ કે મનોવેદના ખૂબ જ ઘેરી અને અસહ્ય હોય છે. વ્યક્તિ મન ને મનમાં સતત મૂંઝવણ અનુભવતી હોય છે, એક પ્રકારના માનસિક ઉચાટ સાથે દિવસો વ્યતીત કરતી હોય છે. વ્યક્તિના ''ટૂ બી ઓર નોટ ટૂ બી'' જેવી સતત મથામણ ચાલતી હોય છે. મન સતત વ્યગ્ર રહેતું હોય છે. આ પ્રકારના માનસિક રોગને ''મેલાન્કલી'' (melancholy) કહે છે.

વ્યક્તિ જ્યારે આ પ્રકારની વિષમ માનસિક પરિસ્થિતિમાંથી પસાર થતી હોય છે ત્યારે તેને એવી લાગણી થતી હોય છે કે પોતે કોઈ એક ધસમસતા પ્રવાહમાં અકળ રીતે ઘસડાઈ રહી છે. આ સમય દરમિયાન વ્યક્તિ પાણી વિના તરફડિયાં મારતી માછલીની જેમ તરફડિયાં મારતી હોય છે. આમ એએમ એક તરફડાટ, એક મૂંઝવણ, પરિતાપ, ઉચાટ, વ્યગ્રતા અને સતત માનસિક મથામણના અંતે વ્યક્તિ સમાજ અને સંબંધોથી છેડો ફાડી નાખવા માટેનો કઠોર નિર્ણય લે છે અને શેષ જીવન અલિપ્ત રીતે વ્યતિત કરવાનો પોતાનો રસ્તો શોધી લે છે.

(ક્રમશ:)